ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ
પર્યાવરણ ભવન, સેક્ટર ૧૦ અ, ગાંધીનગર ૩૮૨૦૧૦ www.gpcb.gov.in
ટેલી. ૦૭૯- ૨૩૨૩૨૧૫૨ ફેક્સ. ૦૭૯-૨૩૨૨૨૭૮૪

# અખબારી યાદી - જાહેર અપીલ

ગુજરાતના વિકાસની સાથે પર્યાવરણ જાળવણી પ્રત્યે જાહેર જનતાની જાગૃતિ વધે અને તત્સંબંધિત કાયદાઓનું પાલન કરી શકવાના ઉમદા હેતુથી કેટલીક અગત્યની બાબતો જાહેર જનતાના ધ્યાનમાં લાવવી જરૂરી છે.

કેન્દ્ર સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા તા. ૧૩.૧.૨૦૧૦ની કચેરી યાદી મારફતે ગુજરાત રાજ્યમાં આવેલ અંકલેશ્વર, વાપી, અમદાવાદ, વટવા, ભાવનગર અને જુનાગઢના ઔદ્યોગિક વિસ્તારોને વધુ પ્રદૂષિત વિસ્તારો તરીકે જાહેર કરવા ઉપરાંત, આ વિસ્તારોમાં નવા ઉદ્યોગો તથા વિકાસના તબક્કા હેઠળના પાઈપલાઈનમાં ગણાતા ઉદ્યોગોની કામગીરી આગળ વધારવા પર આગામી ૮ માસ સુધીનો પ્રતિબંધ ફરમાવ્યો છે. ગુજરાતના ઔદ્યોગિક વિકાસ પર બ્રેક મારવા સમાન આ પગલું છે. ઔદ્યોગિક વિકાસ, રોજગારી અને આનુષંગિક ક્ષેત્રોમાં પ્રગતિ પર આ નિર્ણયથી ગંભીર પરિણામો પડી શકે તેમ છે. આ પરિસ્થિતિમાંથી તાકીદે બહાર આવવા માટે બોર્ડ દ્વારા એકશન પ્લાન તૈયાર કરવાના ભાગરૂપે પગલાંઓ લેવાનું શરૂ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, સાથોસાથ સંબંધિતોને નીચે દર્શાવ્યા મુજબના મુદ્દાઓ પર સહકાર આપવા માટે આથી અપીલ કરવામાં આવે છે.

૧. બોર્ડ દ્વારા ઉદ્યોગોને આપવામાં આવેલ પ્રદૂષણ નિયંત્રણની માત્રાઓ અને શરતોનું ચૂસ્તપણે પાલન કરવું, જેથી બોર્ડને આકરાં પગલાં લેવાની ફરજ ન પડે.

૨. રાજ્યમાં પ્રદૂષણ નિયંત્રણના ભાગરૂપે ઊભા કરવામાં આવેલ ઈટીપી, સીઈટીપી, એફઈટીપી, ટીએસડીએફ, ઈન્સીન્રેટર, દરિયામાં મુકરર જગ્યાએ પાઈપલાઈન મારફતે આખરી નિકાલ કરવામાં આવતા ગંદા પાણીની ગુણવત્તા અને જથ્થાને માપવા અને નિયંત્રિત કરવાના જરૂરી સાધનો ન બેસાડયા હોય કે સાધનો પુરતું કામ ન કરતા હોય, તેવા સાધનોને અસરકારક રીતે તાકીદે કાર્યાન્વીત કરી આ બોર્ડને જાણ કરવા માટે, આથી સંબંધિત તમામ કોમન ફેસિલિટીના ઓપરેટર્સને વિનંતી કરવામાં આવે છે. તમામ સેમ્પલીંગ પોઈંટ અને ફાઈનલ ડીસ્ચાર્જ પોઈંટ સુધી સરળતા અને સુરક્ષા પૂર્વક જઈ શકાય તેવા રસ્તા હોવા જોઈએ.

૩. જે ઉદ્યોગો હવા પ્રદૂષણ અટકાવવાના ભાગરુપે સ્ક્રબર, કોલમ કન્ડેન્સર, ઈન્સીન્રેટર, બેગ ફિલ્ટર્સ, વગેરે સાધનો કાર્યદક્ષપણે ચલાવતા ન હોય, જેથી દૂષિત વાયુની દુર્ગંધ આસપાસના રસ્તાઓ અને રહેણાંક વિસ્તારો સુધી ફેલાતી હોય, તેવા સંબંધિત તમામ એકમોને આથી ચેતવવામાં આવે છે, અને આવા સાધનો સતત ચાલુ રાખવા અને હવામાં છોડાતા વાયુઓની ગુણવત્તાનો અહેવાલ આ બોર્ડને નિયમિતપણે મોકલવા માટે જણાવવામાં આવે છે.

ઘન કે પ્રવાહી કચરાના જથ્થાને ઈન્સીન્રેટ કરીને (નિયત ભઠ્ઠીમાં બાળીને) આવા કચરાની ગુણવત્તા નિયત માત્રામાં રાખવા તથા મૂકરર કરેલ સમયગાળાથી વધુ દિવસ ન રાખવા માટે સૂચના આપવામાં આવે છે, અને જરુરી મંજૂરી મેળવી લેવા આથી અપીલ પણ કરવામાં આવે છે.

દરેક ઉદ્યોગમાં આ બોર્ડ દ્વારા અધિકૃત કરવામાં આવેલ બળતણ જ વાપરવું ફરજિયાત હોવાથી બિનઅધિકૃત બળતણ તાત્કાલિક અસરથી વપરાશમાં લેવાનું બંધ કરવા સૂચના આપવામાં આવે છે.

..૨..

૪. ઉદ્યોગોના ગંદા પાણીના આખરી નિકાલ માટે નાખવામાં આવેલ પાઈપલાઈનમાં આ બોર્ડની મંજૂરી વિના કરવામાં આવેલ ગેરકાયદેસર જોડાણ, આવી પાઈપલાઈનો ઉભરાઈને પાણી પ્રદૂષણની સમસ્યા ઊભી કરે છે. આવી પાઈપલાઈનોમાં જો બિનઅધિકૃત કોઈ જોડાણો કર્યા હોય તો તેવી સોસાયટીઓના સંચાલકો કે વ્યક્તિઓએ આવા જોડાણો બંધ કરી સ્થાનિક સંસ્થા કે મહાનગરપાલિકાઓ મારફતે વૈકલ્પિક વ્યવસ્થા ઊભી કરી લેવા આથી સૂચના આપવામાં આવે છે.

૫. જોખમી (હેઝાર્ડ્સ) રસાયણો વાપરતા કે બનાવતા હોય તેવા ઉદ્યોગોમાં જો કચરાની ટ્રીટેબીલીટી શકય ન હોય, તો આવા એકમોના સંચાલકોએ આવા જોખમી પ્રકારના કચરાની સ્ટ્રીમ અલગ કરીને જ તેનો અલગથી નિકાલ કરવો જરુરી છે. અન્યથા, આવા જોખમી કચરાને સીઈટીપીમાં બાકીના ગંદા પાણી સાથે ભેગું કરીને નિકાલ કરવાથી સીઈટીપીની કાર્યક્ષમતા ઘટતી હોઈ, આવા સીઈટીપીની અસરકારકતા ન બગાડવા સૂચના આપવામાં આવે છે. આવા ઉદ્યોગોએ તાત્કાલિક આ બોર્ડની સંબંધિત પ્રાદેશિક કચેરીનો સંપર્ક કરી યોગ્ય માર્ગદર્શન મેળવવા માટે સૂચન કરવામાં આવે છે. જે કિસ્સામાં પ્રવાહી કચરાની ટ્રીટેબીલીટી અશકય જણાય તેવા પ્રોડકટ કે તેની પ્રોસેસ બદલવી આવશ્યક છે.

૬. જોખમી તથા જૈવિક કચરાને દાટવાની કે બાળવાની તમામ જગ્યાઓ પર આવન-જાવન થતા કચરાના સંર્પૂણ હિસાબ મળવા જોઈએ. આવા કચરાનું બિનઅધિકૃત પરિવહન બંધ કરી દેવા વિનંતી છે.

૭. સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ જાગૃત નાગરિકોની વિરોધપક્ષ જેવી ભૂમિકાને પણ આવકારવામાં આવે છે, અને ગુજરાતના વિકાસના હિતમાં પ્રદૂષણની ફરિયાદ સાથે જ અમલ થઈ શકે તેવા ઉપયોગી, અને વ્યવહારુ સૂચનો પણ મોકલવા માટે આથી અપીલ કરવામાં આવે છે. આવા સૂચનોની કદર કરવામાં આવશે.

૮. જાહેર જનતાને ખાસ વિનંતી કે, તેઓ સ્વયંશિસ્ત આચરીને જાહેર રસ્તાઓ કે જાહેર સ્થળે કચરો ગમે ત્યાં ન ફેંકે અને પ્લાસ્ટિકના પાઉચ કે કોથળીઓ ગમે ત્યાં ન ફેંકતાં તેનો નિકાલ નિર્ધારિત જગ્યાએ જ કરીને નિર્મળ ગુજરાતની પ્રતિભા જાળવણી કરવામાં મદદ કરે.

૯. બાયોમેડિકલ કચરાના નિયમો અનુસાર, ચિકિત્સાલય, પરિચર્યાગૃહ(નર્સિંગ હોમ), નિદાનગૃહ, દવાખાનું, પશુજૈવિક સંસ્થા, પશુગૃહ, રોગવિજ્ઞાનવિષયક(પૅથોલોજિકલ) પ્રયોગશાળા, રૂધિરાગાર (બ્લડબૅન્ક) સહિતની તથા અન્ય કોઈપણ નામથી ઓળખાતી બાયોમેડિકલ કચરો ઉત્પન્ન કરતી સંસ્થાના જવાબદાર વ્યક્તિએ તેમજ આવો કચરો એકત્ર કરતી, પ્રાપ્ત કરતી, સંગ્રહ કરતી, પરિવહન કરતી, માવજત (ટ્રિટમેન્ટ) કરતી, નિકાલ કરવાની સુવિધા, વગેરેના સંચાલકે આવો કચરો ૪૮ કલાકમાં કાયદાકીય નિયમો અનુસાર નિકાલ કરવો ફરજિયાત છે.

આ બોર્ડના વર્તમાન માળખાને વધુ અદ્યતન અને પારદર્શક બનાવવા માટે, જરૂર હોય ત્યાં વધુ સ્ટાફની નિમણૂંક કરવા, નિરીક્ષણ/મોનીટરીંગ વ્યવસ્થા વધુ સઘન અને કડક કરવા, ટેકનિકલ પ્રશ્નોના વ્યવહારુ ઉકેલ માટે સંશોધન પર ભાર મૂકવા, વગેરે વિવિધ પગલાંઓ ભરવામાં આવી રહેલ છે.

આ બોર્ડના અધિકારીઓ કચેરી કામનો ઝડપથી નિકાલ કરી શકે તથા મુલાકાતીઓને વધુ સમય કચેરીમાં બેસી રહેવું ન પડે તે હેતુથી મુલાકાતીઓ માટે કામકાજના દિવસોના રોજ બપોરે ૩.૦૦ થી ૫.૦૦ દરમિયાનનો સમય આથી નિર્ધારિત કરવામાં આવે છે.

તા. ૧.૨.૨૦૧૦

(આર.જી. શાહ)
સભ્ય સચિવ